ગાંધીનગર સમાચાર

તા. ૨૭-૧૨-૨૦૧૪, શનિવાર

## તંત્રી સ્થાનેથી....

### માન ના માન, મૈં તેરા મહેમાન

'પૃથ્વી પર કયાંક સ્વર્ગ હોય તો તે અહીં છે, અહીં છે, અહીં છે...' આ શબ્દો છે પ્રાચીન પ્રવાસી અલ-બેરૂનીના. એમણે કાશ્મીર જોયું કે એમની જવાબ પર આ ઉમળકા ભર્યા વેણ છલકાઈ પડ્યા. એ કાશ્મીરનું ઘેલું એકલા અલ-બેરૂનીને જ લાગ્યું હતું એવું નથી. ભાજપના સંસ્થાપક અને હમણાં જ 'ભારત રત્ન' જેવા સર્વોચ્ચ સરકારી સન્માનથી વિભૂષિત થયેલા પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયી એમની કવિતામાં કાશ્મીરને ભારતના મુકુટ તરીકે, એના મસ્તક તરીકે નવાજતા રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકસભાની ચૂંટણીમાં અણધારી સફળતા મેળવી લીધા પછી દેશભરમાં ભાજપની રાજય સરકારો સ્થાપવાનો મહત્ત્વાકાંક્ષી સંકલ્પ કર્યો લાગે છે. માત્ર 'કોંગ્રેસમુક્ત' ભારત નહીં, એમને 'ભાજપ યુક્ત' ભારત ખપે છે. એ માટે એમણે દૂરંદેશી ભર્યું આયોજન પણ કર્યું છે દિગ્વિજય કરવા નીકળેલા આ 'ઈન્ડિયન સિકંદર'નો ઘોડો કાશ્મીર ખીણમાં પહોંચતાં પહોંચતાં ટાયડું થઈ ગયો છે, છતાં બે ઉચ્ચાભિલાષી ગુજરાતી ભાયડા - નામજોગ નરેન્દ્ર મોદી અને અમિત શાહ - યેનકેન પ્રકારેણ શ્રીનગરમાં ભાજપનો ભગવો ફરકાવવા કૃતસંકલ્પ છે. સંઘમાંથી પ્રતિનિયુક્તિ પર આવેલા રામ માધવ માટે પણ જમ્મુ-કાશ્મીરમાં હિંદુ મુખ્યમંત્રીનો રાજયાભિષેક થાય, તે અગત્યની બાબત હોવા છતાં એમને વિધાનસભા ભાજપના નેતા ચૂંટી કાઢ્યા છે. ચૂંટણીમાં ભાજપને ક્લીન સ્વીપ અપાવવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પદ સંભાળ્યા પછી નિયમિતપણે દર મહિને જમ્મુ-કાશ્મીરની મુલાકાત લીધી હતી. અનેક કલ્યાણકારી યોજનાઓ, નવા રેલમાર્ગો, વૈષ્ણોદેવી દેવસ્થાન સહિત દૂરવર્તી લેહલડાખમાં ત્યાંની પરંપરાગત વેશભૂષા પહેરી લોભામણાં વચનોની લહાણી કરવા છતાં ભારતીય જનતા પાર્ટી જમ્મુ વિસ્તારના હિંદુ બહુલ વિસ્તારને ઓળંગીને કાશ્મીર ઘાટી કે લડાખના બૌદ્ધ ધર્માવલંતી મતદારોને આકર્ષી શકી નથી. અલબત્ત, અગાઉની અગિયાર બેઠકોની સરખામણીમાં એને વિધાનસભામાં પચ્ચીસ બેઠકો જરૂર મળી છે અને તે 'વિકાસપુરુષ'ની આંતરરાષ્ટ્રીય છબી ઊપસાવી ચૂકેલા વડાપ્રધાન મોદીના 'પ્રો-પંડિત' કાર્યક્રમને તથા પાર્ટીના ૩૭૦ મી કલમ રદ કરવાના ગુપ્ત એજન્ડાને કારણે જ મળી છે. પરંતુ મિશન ૪૪+ ની એણની ટહેલને પ્રજાએ નકારી કાઢી છે. સત્યાશી બેઠકોવાળી વિધાનસભામાં ચુમાળીસનો જાદુઈ આંકડો હાંસલ કરવાની ઉમેદ તો મહેબૂબા મુફતીની બાપ-દીકરીવાળી પાર્ટી પીડીપીને પણ હતી જ. અત્યાર સુધી બાપ-દીકરાવાળી નેશનલ કોન્ફરન્સ અને પીડીપી સત્તાની સંતાકૂકડી રમતાં રહ્યાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આ મુદ્દે પ્રજાનું બરાબર ધ્યાન દોરવામાં પણ કશી કચાશ નહોતી રાખી. છતાં, કાશ્મીર ખીણ અને લેહ-લડાખ વિસ્તારોમાં ભાજપને નર્યો જાકારો મળ્યો છે. પીડીપી ૨૮ બેઠકો સાથે સૌથી મોટી પાર્ટી તરીકે ઊપસી આવી હોઈ સ્વાભાવિક રીતે જ એ સરકાર રચવાનો દાવો કરે, પણ એ મુંઝવણમાં છે. કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સ - બેઉએ પીડીપીને સરકાર રચવા માટે પૂરો સહકાર આપવાની વણમાગી - આગોતરી ખાતરી આપી છે કારણ કે તેઓ ભાજપને 'સાંપ્રદાયિક' પરિબળ માને છે અને સત્તાથી દૂર રાખવા ઈચ્છે છે. પરંતુ પીડીપી અવઢવ અનુભવી રહી છે. એને વધુ સલામતી ભાજપના સહયોગમાં સરકાર રચવામાં લાગે તે સ્વાભાવિક છે. ભાજપ કેન્દ્રમાં સત્તાસ્થાને છે, વળી કાશ્મીર ખીણમાં એનાં સૂપડાં સાફ થઈ જતાં એ વધુ ભુરાંટો બની યેનકેન પ્રકારેણ સત્તા હાંસલ કરવા અથવા સત્તામાં ભાગીદારી કરવા ઉતાવળો બનેલ છે. એ હરગિજ વિપક્ષે બેસવાનો વિકલ્પ તૈયાર નથી. શક્ય હોય તો ભાજપને કોઈ પણ ભોગે (અર્થાત્ કલમ ૩૭૦ અને હિંદુત્વ એજંડાની ઐસીતૈસી કરીને પણ) જમ્મુ કાશ્મીરમાં સરકાર જ બનાવવી છે. હવે પચ્ચીસ બેઠકો વાળી બે-નંબરી પાર્ટીને અઠ્ઠાવીસ બેઠકોવાળી પીડીપી મુખ્યમંત્રી પદ આપવા સહમત થાય તો જ એ બને. ભાજપ શરૂઆતથી અડધી ટર્મ સુધી સત્તા ભોગવે અને તે પછીનો અડધો સમયગાળો મહેબૂબાની પીડીપીને ફાળવાય - એવી શક્યતા પણ ચર્ચામાં છે. બીજો વિકલ્પ નેશનલ કોન્ફરન્સના ઓમર અબ્દુલ્લા સાથે ગોઠવણ કરીને તથા સાત અપક્ષોને સત્તાની લાલચ આપીને ભાજપ - નેશનલ કોન્ફરન્સની સંયુક્ત સરકાર બનાવવાનો પણ છે જ. ઓમર અબ્દુલ્લાને કેન્દ્રીય કેબિનેટમાં સમાવી લઈ કાશ્મીર ખીણના પ્રતિનિધિ તરીકે એમની પાર્ટીના ધારાસભ્યોને સરકારમાં મંત્રી બનાવી શકાય. જો કે નેશનલ કોન્ફરન્સના પાંચ સભ્યોએ આ મુદ્દે વિરોધ જાહેર કરતાં ભાજપ-પીડીપીની સંયુક્ત સરકારવાળો વિકલ્પ જ હાલ તો વધુ કારગત નીવડે એવી શક્યતા છે. ભાજપ કોઈ પણ સંજોગોમાં, કોઈ પણ શરતે સત્તામાં ભાગીદારી કરીને કાશ્મીર સર કરવાની ઉમેદ સેવે છે. મુખ્યમંત્રી પદ માટે કેન્દ્રીય મંત્રી અને ઉધમપુરના સાંસદ ડૉ. જિતેન્દ્રસિંહનું નામ પણ અંદરખાને નક્કી થઈ ગયું છે. સત્તાલક્ષી ભાજપનો આ છે સાચો ચહેરો!



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

**ઓમ લેન્ડમાર્ક શાળામાં નાતાલ ઉજવાઈ**

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલ ઓમ લેન્ડમાર્ક શાળામાં નાતાલની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોએ વિવિધ વેશભૂષા દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં.

## સિનિયર સિટિઝન કાઉન્સીલ દ્વારા બાળકોને સ્વેટર અને મજૂરોને ધાબળાનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરની સિનિયર સિટિઝન કાઉન્સીલ દ્વારા શહેરના સે-૧૩/૩/આદિવાડા-૧ અને આદિવાડા-૨ ગોકુલપુરા અને ફતેપુરાની કુલ ૫ આંગણવાડીઓમાં તેમજ ફુટપાથ પર રહેતા બાળકોને ગરમ સ્વેટર, ગરમ ટોપીઓનું વિરણ કરવામાં આવ્યું હતું. કુલ ૨૫૦ બાળકોને આ ગરમ વસ્ત્રોનું વિતરણ કરાયું હતું. આ ઉપરાંત સે-૨૧, અક્ષરધામ, સે-૨૦, સે-૧, ધોળાકુવા, ઈન્ફોસીટી, સે-૨૨, સે-૨૯, સે-૨૩, સે-૨૪, ટાટા ચોકડી, જીઆઈડીસી અને ઘ-૭ના રોડ સાઈડે રહેતા ૩૦૦ શ્રમજીવી મજુરોને ધાબળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ સેવા કાર્યમાં ખરીદીમાં એચ.બી. શાહ, જે.એલ. શાહ, બી.ડી. શાહ તેમજ વિતરણ કાર્યમાં સોમાભાઈ પરમાર, અક્ષરભાઈ રાણા, રમેશભાઈ મહેતા, દશરથભાઈ પરમાર અને અશ્વિનભાઈ શાહે સેવાઓ આપી હતી. આ સેવા કાર્ય માટ સિનિયર સિટિઝન કાઉન્સીલે અંદાજે રૂપિયા ૫૦ હજારનો ખર્ચ કર્યો હતો.

## એમ.બી. પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ સાયન્સ સીટીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા.૨૬

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રા. શાળા દ્વારા તા. ૨૫મી ડિસેમ્બરના રોજ ધો-૭ની કુલ ૧૮૦ વિદ્યાર્થીનીઓ તથા ૧૦ વિજ્ઞાન શિક્ષક મિત્રો દ્વારા સાયન્સ સીટીની મુલાકાત લીધી હતી. બાળકોમાં વિજ્ઞાન શકિત વિકસે તેવા શુભ હેતુ સર બાળકોએ 'હોલ ઓફ સાયન્સ', માર્સ મિશન, પ્લેનેટોરીયમ તથા વિજ્ઞાનના વિવિધ મોડેલો તથા પ્રયોગો નિહાળ્યા હતા ત્યારબાદ આઈમેક્સ થિયેટરમાં થ્રીડી ફિલ્મ નિહાળી જ્ઞાન સાથે ગમ્મત મેળવી હતી.

## આંજણા સમાજનો સ્નેહમિલન વિદ્યાર્થી સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર ખાતે આગામી તા. ૨૮ ડિસેમ્બરના રોજ શહેરી, ગૃહ નિર્માણ (સ્વતંત્ર હવાલો), આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વાહન વ્યવહાર રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને શહેરમાં વસતા આંજણા (ચૌધરી) સમાજ પરિવારનો સ્નેહમિલન, તેજસ્વી વિદ્યાર્થી અને વર્ગ-૧ના અધિકારીઓનો ખાસ સન્માન સમારોહ યોજાશે.

આ ઉપરાંત સહજાનંદ હોમ્સ-૨, સરગાસણ ખાતે સવારે ૯-૦૦ કલાકે યોજાનાર સ્નેહ મિલન કાર્યક્રમમાં સમાજના ધારાસભ્યો તેમજ સમાજના અગ્રણી ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સન્માન કરશે.

## ગાંધીનગર હવેલી પરગણા વણકર સમાજનો સ્નેહમિલન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના સે-૭ ખાતે શ્રી હવેલી પરગણા વણકર સમાજ ગાંધીનગર શહેરનો સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં સમાજના જ્ઞાતિ બંધુઓ જોડાયા હતા.

આ સ્નેહમિલન સમારંભમાં સમાજના સિનિયર સીટીઝન તેજસ્વી તારલાઓ તેમજ નવી નોકરી મેળવનાર યુવાનો અને બઢતી તેમજ નિવૃત થનાર લોકોને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું જયારે યુવાનોને ઈનામો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં પ્રમુખ જસવંત અમીન, મહામંત્રી નટવરલાલ સોલંકી, ખજાનચી ઈશ્વરભાઈ રાજ તેમજ કારોબારી સભ્યો વિરસિંહ મકવાણા, કેશવભાઈ રાઠોડ, દિનેશકુમાર મકવાણા, ચિરાગ મકવાણા સહિતના આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.

## પ્રેરણા વિદ્યાલયમાં શિયાળુ પાક વિષેની રેસીપી શીખવાડશે

ગાંધીનગર તા.૨૬


પ્રેરણા વિદ્યાલય જયોતિ મહિલામંડળ તથા સીનીયર સીટીઝન કાઉન્સીલ દ્વારા પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ એમાં તા.૨૭મી ડિસેમ્બરના રોજ બપોરે ત્રણ વાગે શિયાળુપાકની વિવિધ રેસીપી તેમજ ચ્યવનપ્રાશ, આંબળાનો રસ, વિવિધ સરબતો મુખવાસ શીખવાડવામાં આવશે. આ અંગે નિષ્ણાત શ્રીમતી મીનાબેન શાહ કન્વીનર, મહિલાપાંખ સીનીયર સીટીઝન કાઉન્સીલ માર્ગદર્શન પધ્ધતિ શીખવાડશે. વાલીઓ તથા મહિલાઓને હાજર રહેવા જણાવેલ છે.

## બચપન પ્લે સ્કુલમાં નાતાલની ઉજવણી

ગાંધીનગર તા.૨૬

સેકટર-૧ માં આવેલ બચપન પ્લે સ્કુલમાં ક્રિસમસના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. ભૂલકાંઓને ઉત્સાહભેર ભાગ લીધો હતો. શ્રી પ્રભુ ઈસુના જન્મનું નાટય રૂપાંતર ભજવીને બાળકોને પ્રસંગ સમજાવવામાં આવ્યો હતો. જેમાં બાળકોએ જે તે પાત્રની વેશભૂષા સાથે પાત્રને જીવંત કરી વાતાવરણને અનુરૂપ બનાવ્યું હતું. બાળકોને પ્રભુ ઈસુના જન્મની ખુશાલીમાં કેક કાપી અને ડાન્સપાર્ટીમાં ડાન્સ કર્યો હતો.

## ગાંધીનગર બાર એસોસીએશનમાં મહિલા પ્રતિનિધિ છાયાબેન ત્રિવેદીની નિમણુંક



ગાંધીનગર બાર એસોસીએશનમાં વર્ષ ૨૦૧૫ના હોદ્દેદારોમાં મહિલા પ્રતિનિધિ તરીકે છાયાબેન કાન્તીલાલ ત્રિવેદી પ્રમુખશ્રી ગીરીશસિંહ જવાનજી ગોહીલ તથા તમામ હોદ્દેદારોની થયેલ વરણી બદલ સંસ્થાના પ્રમુખ શ્રીમતી ભદ્રશીલાબેન ત્રિવેદી તથા તમામ મહિલા હોદ્દેદારો અને સભ્યોને હાર્દિક અભિનંદન આપીને શુભેચ્છા વ્યકત કરી હતી.

## હરિની દૃષ્ટિ...




મોકડ્રીલ, ... ખોટા અભિયાન પોલીસવાળાને કરાવવા પડે... તમારા કામમાં કોઇ જુઠ નથી... આ અભિયાનમાં કોઇ મોકડ્રીલ નથી કરવાની... !!

## આર.એન.પટેલ પ્રા.શાળામાં નાતાલની ઉજવણી કરાઈ

ગાંધીનગર તા.૨૬

કડી કેમ્પસની આર.એન.પટેલ પ્રાયમરી સ્કૂલમાં તા.૨૪મી ડિસેમ્બરે ધોરણ ૩,૪ અને ૭ ના વિદ્યાર્થીઓ દ્વારા નાતાલ પર્વની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વિષય અંતર્ગત ધોરણ-૩ અને ૪ ના બાળકો દ્વારા જવાહરલાલ નહેરુ, સરદાર વલ્લભભાઈ પટેલ, નરેન્દ મોદી, શ્રી કૃષ્ણ, પરી, સાન્તાકલોઝ વગેરેની વેશભૂષામાં સજજ થઈ તથા ઝિંગલબેલ ગીત અભિનય બતાવીને બાળકોને ઉત્સાહિત કર્યા હતા. આ ઉપરાંત ધોરણ-૭ના વિદ્યાર્થીઓએ ઈસુ ખિસ્ત્રની મૂર્તિ સામે કેન્ડલ સળગાવી તથા ક્રિસમસ ટ્રી ને શણગારીને તથા સાન્તાકલોઝની પ્રતિકૃતિ બનીને પર્વનું આયોજન કર્યું હતું.

જેનું ઉદ્દઘાટન શાળાના આચાર્ય દશરથભાઈ પટેલે કરીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. આનંદ મેળામાં વિદ્યાર્થીઓએ ઘરેથી જાતે બનાવેલ વિવિધ નાસ્તાનું વેચાણ કર્યું તથા થ્રો-ડાન્સ પાર્ટી પણ કરીને સમગ્ર શાળાનું વાતાવરણ નાતાલમય બનાવી દીધું હતું. શાળાના તમામ બાળકો એ આ આનંદ મેળાની મુલાકાત લીધી હતી. ધોરણ ૩,૪ તથા ૭ ના તમામ વર્ગ શિક્ષકો દ્વારા સંપુર્ણ આયોજનનું સફળ સંચાલન કરેલ હતું.

## આંબેડકર ઓપન યુનિ.માં પ્રવેશ ચાલુ

ગાંધીનગર તા.૨૬

ગાંધીનગરના સે-૧૫માં આવેલ સરકારી વિનયન કોલેજ ખાતે ડૉ.બાબા સાહેબ આંબેડકર ઓપન યુર્નિવસીટીના સીસીસી, બીપીપી, બી.એ., એમ.એ. તેમજ અન્ય વિવિધ સર્ટિફિકેટ કોર્ષમાં તા.૭મી જાન્યુઆરી સુધી પ્રવેશ ચાલુ છે. જેથી આ કોર્ષમાં અભ્યાસ કરવા માંગતા વિધાર્થીઓએ ફોર્મ ભરી જવા જણાવાયું છે.

## આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં શહેરી વિકાસ વિભાગની વિજયકૂચ

ગાંધીનગર તા.૨૬

આંતર વિભાગીય ક્રિકેટ સ્પર્ધામાં શહેરી વિકાસ વિભાગ અને સામાજીક ન્યાય અધિકારીના વિભાગ વચ્ચે રમાયેલી મેચમાં શહેરી વિભાગનો વિજય થયો હતો. આ મેચમાં પ્રથમ બેટીંગ કરતા સામાજીક ન્યાય વિભાગે ૨૩ ઓવરમાં ૬૮ રન કર્યા હતા. જેમાં અશોક સાકરેચીના ૧૪ રન મુખ્ય હતા. શહેરી વિકાસ તરફથી નિતેશ પારેખ ૧૫ રનમાં ૫ અને હિરેન ઉપાધ્યાયે ૧૯ રનમાં ૩ વિકેટ ખેરવી હતી. સામાજીક ન્યાય વિભાગના ૬૯ રનના લક્ષ્યાંકને શહેરી વિભાગે ૧૭ ઓવરમાં હાંસલ કરી જીત મેળવી હતી. જેમાં રુપક સોલંકીના ૨૮ રન અને સંદીપ ગોહીલના ૧૭ રન મુખ્ય હતા. આ મેચમાં ઉત્કૃષ્ઠ દેખાવ બદલ શહેરી વિકાસ વિભાગના નિતેશ પારેખને મેન ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.




કોબા સ્થિત મહાપ્રગ્ય વિદ્યા નિકેતન વિદ્યાલયનો ૧૨મો વાર્ષિક ઉત્સવ યોજાઈ ગયો. જેમાં બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતાં. (તસવીર : નિલેશ પરમાર)

# સંબંધોમાં લાગતી ઉધઇ : 'મિસ અન્ડર સ્ટેન્ડીંગ'

**અદબ પલાઠી મોં પર આંગળી**

ડો. સંતોષ દેવકર

માણસ માણસને જોડતો સેતુ એટલે સંબંધ. દરેક જણ એકબીજા સાથે સંબંધથી જોડાયેલા છે. સંબંધ સિવાયનું જોડાણ શક્ય નથી. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો સંબંધ જીવનને ગતિ આપે છે. સંબંધને કારણે જીવન ગતિશીલ બને છે. સંબંધોની ગુણવત્તા જીવનમાં પ્રાણ પૂરે છે. સંબંધોની પરિપક્વતા વ્યક્તને અનોખી ઊંચાઇ બક્ષે છે. મેચ્યોર રિલેશન દરેક વ્યક્તિ ઝંખે છે. સંબંધોની પરિપક્વતા માત્ર એક વ્યક્તિ પર નિર્ભર નથી. બંને છેડા મજબૂત અને વૈચારિક હોવા તે અનિવાર્ય છે. કોઇ પણ ઉર્દૂ શાયરે ખરું જ કહ્યું છે કે -

દુશ્મની જમ કર કરો લેકિન યે ગુંજાઇશ રહે કી
જબ કભી હમ દોસ્ત હો જાય તો શરમિંદા ન હો.

મિત્રતામાં પરિપકવતા હોય પરંતુ કવિ તો દુશ્મનીમાં પણ પરિપકવતાની વાત કરે છે. કેટલાક સંબંધો કાચા દોરાથી બંધાયેલા હોય છે. સ્હેજ ટેન્શન આવે અથવા થોડુંક વર્તનમાં ફેરફાર થાય તે તુરંત જ સંબંધો પર અસર થાય છે. એવા નાજુક તાંતણે બંધાયેલા સંબંધોનું ભવિષ્ય પણ ટૂંકું હોય છે.

પરિપક્વ સંબંધોમાં એક ઊંચાઇ સ્થાપિત થતી હોય છે. ઊંચાઇ સમજદારીથી આવે. સમજદારી બંને પક્ષે મહત્ત્વ ધરાવે છે. જયારે જયારે સંબંધોની પરીપકવતા સામે સવાલો થયા છે ત્યારે સંબંધોની લક્ષ્મણરેખા તૂટી છે. પતિ-પત્ની વચ્ચે, શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે, બે પ્રેમી વચ્ચે, બે વેવાઇ વચ્ચે, બે બહેનપણી વચ્ચેના સંબંધોનો પાયો સમજદારીના પાયા પર રચાયેલો હોય છે. આ સમજદારીનો પાયો એકલા હાથો તૈયાર થતો નથી. તેમાં સમજદારીના ચાર હાથની જરૂર પડે છે.

સંબંધોની નાવમાં બેસીને બંનેએ હલેસા મારવા પડે. જો એક જ હલેસા મારે અને બીજો બેસી રહે તો પણ નાવ આગળ જઇ શકે નહિ. નાવને આગળ લઇ જવા. વિકાસ લઇ જવા, સંબંધોને સમૃદ્ધિ તરફ લઇ જવા બંને બાજુથી તાલબદ્ધ રીતે હલેસા મારવા જરૂરી નહિ અનિવાર્ય છે. સંબંધોની ઊંચાઇ હોવી એ જેવી તેવી વાત નથી.

આપણી ગુજરાતી ભાષામાં 'સંબંધો તૂટ્યા' જેવો હિંસક અને ઘાતક શબ્દપ્રયોગ બીજો એકેય નથી! એ સંબંધો જ કેવા જે દુભાય, તૂટી જાય, બધી બંધાય, ફરી તૂટે ને ફરી બંધાય...! અનિશ્ચિતતા અને અવિશ્વાસના પાયા પર બંધાયેલા સંબંધોમાં જોડવા - તૂટવાનો ક્રમ અવારનવાર બનતો રહે છે.

જો જિંદગીમાં સંબંધો નથી તો કશું જ નથી. સંબંધોને મહામૂલી મૂડી ગણનારા તેનુંમ મહત્ત્વ સમજે છે. જાળવે છે, અને સંસ્કારે છે. સંબંધોની એક ભાષા છે. સંબંધોનો એક ધબકાર છે. સંબંધોના અનેક તબક્કા છે. સંબંધોની ગુણવત્તા છે. સંબંધોના અનેક લેખાજોખા છે. સંબંધો તૂટ્યાની વેદનાનો કોઇ અવાજ નથી હોતો. અને સંબંધો બંધાય તેવો કોઇ સૂર નથી સંભળાતો. બંને અનુભવવાની પ્રક્રિયા છે. દરેકે તેમાંથી પસાર થયે જ છૂટકો.

વ્યક્તિ ગરીબ હોય કે તવંગર, સ્ત્રી હોય કે પુરુષ, ગમે તે જ્ઞાતિનો હોય, સંબંધની માયાજાળમાંથી છટકી શકતો નથી. કાશ, માનવી સંબંધોને પારખી શકે, ઓળખી અને જાણી શક્યો હોત!!

જીવનમાં સંબંધોનું અનેકગણું મહત્ત્વ છે. સંબંધોનું મૂલ્ય સમજનારા સંબંધોનો ઉપયોગ કરી જાણે છે. સંબંધોનો ઉપયોગ લોકકલ્યાણ માટે થાય તે ઉત્કૃષ્ટ છે. સંબંધોનો હંમેશા ઉપયોગ જ થાય તેવું નથી હોતું. સંબંધોનો દુરૂપયોગ કરનારા પણ અનેક છે. સંબંધોને વટાવી ખાવું પ્રત્યેક વ્યક્તિએ બદલાતું રહે છે.

જો સંબંધો સ્વાર્થની બુનિયાદ પર ટકેલા હશે તો તેનું ભવિષ્ય લાંબુ નહીં હોય. સ્વાર્થ પુરો થતાંની સાથે જ તે સંબંધોનો અંત આવતો હોય છે. આજે મોટે ભાગે સ્વાર્થના સંબંધો અસ્તિત્વમાં છે. એ નકારી શકાય તેમ નથી. ખૂબ ઓછા સંબંધો નિઃસ્વાર્થ ભાવે રચાતા હોય છે. નિઃસ્વાર્થ અને દિવ્ય ચેતનાથી બંધાતા સંબંધો ચિરંજીવી હોય છે. કહેવાય છે કે -

કેવળ બડી બડી બાતેં કરનેસેં બડે નહિ હો જાતે
જબ બડે છોડી છોટી બાતેં સમજને લગતે હૈ તબ વે બડે હોતે હૈ

સંબંધોમાં ગેરસમજથી તિરાજ પડે છે. વ્યક્તિનો અહ્ કાતરનું કામ કરે છે. કાતર હંમેશા કાપવાનું અને સોય હંમેશા જોડવાનું કામ કરે છે. જીવનમાં કયારેક કાતર ચલાવવી અને કયા સમયે સોય-દોરાનો ઉપયોગ કરવો એટલો વિવેક જો દાખવતા આવડે તો જીવનમાંથી ગેરસમજ ઊભી પૂછડીએ ભાગે.

સંબંધોની પરિપક્વતાનો મૂળભૂત પાયો પ્રેમ છે. પ્રેમ અને સમજણ બંનેનું હોવું એ ઘટના છે. તો સંબંધોમાં પ્રેમ અને સમજણની ગેરહાજરી એ દુર્ઘટના છે. પ્રેમથી સંબંધોને તાકાત મળે છે. પ્રેમથી પરિપક્વ સંબંધો રચાય છે. સંબંધોમાં રહેલી પરિપક્વતા અને સમજણ બંને સગી બહેનો છે. અને તેથી જ પ્રેમ અને સમજણની બુનિયાદ પર રચાયેલા સંબંધો આજીવન ટકે છે. સંબંધોમાં પડતી તિરાડને સમજણરૂપી 'ફેવીક્વિક' સજ્જડ રીતે જોડી આપે છે.

મીસ અન્ડર સ્ટેન્ડીંગ (Misunderstanding) અંગ્રેજીમાં આવતો આ ખૂબ જ ખતરનાક શબ્દ છે. સંબંધોને તોડવા કે તૂટવા માટે તલવારની જરૂર નથી. એક માત્ર ગેરસમજ પૂરતી છે. ગેરસમજ ઘર કરી ન જાય તે સમજ કેળવવાની છે. વિવેકી વ્યક્તિઓના જીવનમાં ગેરસમજને સ્થાન થી. ગેરસમજ એક મોડો આરડીએક્સ છે જે સંબંધોનો વિસ્ફોટ કરી લીરે લીરા ઉડાડી દે છે. સમજણપૂર્વક, ધીરજથી વાતને સાંભળવી અને વિવેકપૂર્વક નિર્ણય લેવામાં આવે તો ગેરસમજને દૂર રાખી શકાય છે.

ખૂબ ઓછા નસીબદાર હોય છે જેમને પરિપક્વ સંબંધો મળ્યા છે. સંબંધોમાં પ્રેમરૂપી રસાયણ ભેળવવામાં આવે અને મીસ અન્ડર સ્ટેન્ડીંગને સમજવામાં આવે તો સંબંધો તૂટવાનો ખતરો ટાળી શકાય છે. સમયાંતરે અનુભવાશે કે જન્મ અને મૃત્યુની જેમ સંબંધો પર ઇશ્વરાધીન છે!

**મિસરી :**

ચહેરો દેખાયની સ્મરણ થાય તે ઓળખાણ
પર સ્મરણ થાય તે ચહેરો દેખાય તે સંબંધ
(sms - કૃષ્ણાબેન પંચાલ, મ. શિક્ષક, વલસાડી, તા. ખેડબ્રહ્મા)